| | |
|---|---|
| | દાખલ થયા તારીખ:–૧૦/૦૩/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ:–૧૦/૦૩/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ:– ૨૮/૦૪/૨૦૨૬ |

सत्यमेव जयते

## મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરૂડેશ્વર, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર–૩૫૫/૨૦૨૬

આંક–

**ફરીયાદી:** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી:** શાંતીલાલભાઇ રમણભાઇ તડવી
રહે.ભુતીયાધરા ફલીયા,ગભાણા ગામ,
તા.ગરૂડેશ્વર,જી.નર્મદા

**ગુનો:** પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) મુજબ

----------------------------------------

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.દાયમા

----------------------------------------

## <u>જજમેન્ટ</u>

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૦/૨૦૨૫ ના ક.૦૦/૪૫ વાગે ૧૧૨ જનરક્ષકની વર્ધીની આધારે તપાસ કરતા સદર ઇસમ એકતાનગર પોલીસ સ્ટેશને ખાતે ગે.કા.વગર પાસ પરમીટનો નશો કરેલ હાલતમા લવારા બકવાસ કરતો લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ

૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરતાં તે બદલની ફરિયાદ આરોપી વિરુધ્ધ નોંધાયેલ છે જે ગુના રજીસ્ટર નં.પાર્ટ સી.૧૧૮૨૩૦૧૪૨૫૦૪૧૬/૨૦૨૫ થી એકતાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીનો જવાબ આંક–૬ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા:–**

(૧) આંક–૦૮ થી ફરીયાદી સુરેશભાઇ સોમાભાઈની જુબાની

(૨) આંક–૧૦ થી પંચસાહેદ વિષ્ણુભાઇ નાગજીભાઇ તડવીની જુબાની

(૩) આંક–૧૨ થી પંચસાહેદ પ્રકાશભાઇ પ્રેમાભાઇ તડવીની જુબાની

(૪) આંક–૧૩ થી ત.ક.અમલદારશ્રી અરવિંદભાઇ કીલ્યાભાઈની જુબાની

**દસ્તાવેજી પુરાવા:–**

(૧) આંક–૦૯ થી અસલ ફરીયાદ

(૨) આંક–૧૧ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું

(૩) આંક–૧૪ થી ફોર્મ–એ

**(૪)**ઉપર મુજબનો ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે હાલનાં કામનાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ ફરિયાદપક્ષની કેસની હકીકતનો ઈન્કાર કરી ખોટો કેસ કરેલ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આરોપીએ સોગંદ પર જુબાની આપવી નથી અને બચાવપક્ષનાં સાહેદો તપાસવા નથી તેવું જવાબમાં જણાવેલ છે. ત્યારબાદ આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી છે. રજુ થયેલ પુરાવા તથા દલીલોનાં અંતે આ અદાલતનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ

તા.૨૦/૧૦/૨૦૨૫ ના ક.૦૦/૪૫ વાગે ૧૧૨ જનરક્ષકની વર્ધીની આધારે તપાસ કરતા સદર ઈસમ એકતાનગર પોલીસ સ્ટેશને ખાતે ગે.કા.વગર પાસ પરમીટનો નશો કરેલ હાલતમા લવારા બકવાસ કરતો લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદાઓનાં આ અદાલતનાં મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## કારણો

**(૬)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ફરીયાદપક્ષે ફરીયાદી સુરેશભાઇ સોમાભાઇને આંક–૦૮ થી ત.ક.અમલદાર અરવિંદભાઇ કીલ્યાભાઇને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૦૯ વાળી ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

**(૭)** ત્યારબાદ સદર કામે આરોપીના શરીર સ્થિતિના પંચનામાના પંચસાહેદ વિષ્ણુભાઇ નાગજીભાઇ તડવીને આંક–૧૦ થી અને પંચસાહેદ પ્રકાશભાઇ પ્રેમાભાઇ તડવીને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૧૧ થી રજુ આરોપીના શરીર સ્થિતિના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓ તેમની જુબાનીમાં રજુ થયેલ આરોપીના શરીર સ્થિતિનુ પંચનામુ જોઈ તેમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદો ફરીયાદ પક્ષના પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતાં ન હોય ફરીયાદ પક્ષે તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને પંચનામામાં માત્ર સહી પુરતી જ હકીકતો જણાવે છે. આ સંજોગોમાં સદર પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરુપ બની શકે તેમ નથી.

**(૮)** ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ તમામ પુરાવો સંયુકત રીતે વંચાણે લેતા એ હકીકત ફલીત થઈ આવે છે કે, પંચસાહેદે અદાલત સમક્ષના પુરાવામાં

પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધાનુ જણાવેલ છે.પંચનામાની હકીકત બાબતે કઈ જાણતા નથી તેમ જણાવે છે અને હોસ્ટાઈલ થયા બાદ પણ ફરીયાદપક્ષ ઉલટ તપાસમાંથી મહત્વની કોઈ પંચનામુ પુરવાર થવા અંગેની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદી અને ત.ક.અમલદારે અદાલત સમક્ષ પોતાની જુબાની આપી ફરીયાદપક્ષને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન નથી.

આમ, ફરીયાદી અને ત.ક.અમલદાર જે પોલીસના માણસ હોઈ સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચસાહેદની જુબાનીને સમર્થન મળેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદી અને ત.ક.અમલદાર કે જેઓ પોલીસના માણસો છે અને હીત ધરાવનાર સાહેદો છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૯) મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) તરફ દોરવામાં આવેલ છે. સદર નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ નમુનાં લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સંદેશાવાહક મારફત મોકલી આપવાનું આવું લોહી લીધાનું તારીખથી સાત દિવસની અંદર મળી જાય તે રીતે મોકલવું. નામદાર વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજ્ય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈનાં કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિંધ્ધાતને લક્ષમાં લેતાં લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ. નામદાર** ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પોતાના વાહન સાથે દારૂ પીધેલા કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચસાહેદ સમર્થન આપતા નથી. આ કામે આરોપીનુ લોહીનો નમુનાનુ સેમ્પલ લેવામાં આવેલ છે જે અંગેનું ફોર્મ એ આંક–૧૪ થી રજુ થયેલ છે પરંતુ તે લોહીનો નમુનો એફ.એસ.એલ.માં

પૃથ્થકરણ સારૂ મોકલવામાં આવેલ કે કેમ અને તે મોકલવવામાં આવેલ હોય તો તે અંગેનો એફ.એસ.એલ.નો રીપોર્ટ સદર કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, આ કામના આરોપી બનાવની તારીખે, સ્થળે અને સમયે દારૂ પીધેલ હાલતમાં પકડાયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ તરફે પુરાવા થકી પુરવાર કરવામાં આવેલ નથી જે ફરીયાદપક્ષના કેસમાં એક મહત્વનો ખામીયુકત પુરાવો છે અને તે ખામીનો લાભ આરોપીને મળવાપાત્ર છે તે સંજોગો ધ્યાને લેતાં આરોપીને શકનો લાભ મળવાપાત્ર છે.

આમ ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં .૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮ (૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૮૫(૧) મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલ સમય માટે રૂ.૧૫૦૦૦/- ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૮/૦૪/૨૦૨૬**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જે.એમ.દવે)**
**જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**